**માતુશ્રી હીરબાઈ વેરશી નિશરની સુપુત્રવધુ અ.સૌ. હેમલતાબેન લક્ષ્મીચંદ નિશરના**

ત્રણએકાંતરા ઉપવાસ દ્વારા વરસીતપ અને બે છઠ્ઠતપના વરસીતપની અનુમોદનાર્થે

વરસીતપ આરાધકોને ૧૦ ગ્રામ ચાંદીનાં સિક્કાથી બહુમાન કરવામાં આવશે.

હ. ચી. સપના લક્ષ્મીચંદ, અ.સૌ. હેતલ સાગર નિશર - કોટડા રોહા - મુલુંડ (ઇ).

: દિક્ષા દિન :
ચૈત્ર વદ ૫,
શનિવાર, ૧૫-૪-૧૭
સવારે ૯.૩૦ ક.

: સ્વાધ્યાયપ્રેમી :

પ.પૂ.સા હેમલતાશ્રીજી મ.સા.ના શિષ્યા સા. મુખ્યા સા.પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સા., પ.પૂ.સા. લક્ષ્યલીનાશ્રીજી મ.સા., પ.પૂ.સા. જયસ્મિતાશ્રીજી મ.સા આદિ ઠાણા

: દિક્ષા સ્થળ :
શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય,
ઝવેર રોડ,
મુલુંડ (વે)

## મુમુક્ષુ હિરલબેનની પારમેશ્વરી પ્રવજ્યા પ્રસંગે સકળશ્રી સંઘને આમંત્રણ

**શ્રીમતી ચંદન મહેશ નાનજી ગડા (ગામ મોટા રતડીયા)ની સુપુત્રી**

૪-૪ વર્ષથી સા.મુખ્યા પ.પૂ. શ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તાલીમ લઈ રહ્યા છે.

એમની દિક્ષાનો લાભ અમારા શ્રી સંઘને મળ્યો છે.

: સંપૂર્ણ પ્રવજ્યા મહોત્સવ તથા સાધર્મિક ભકિતના લાભાર્થી :

# માતુશ્રી નવલબેન ભાણજી માણેક પાસડ (શેરડી - મુલુંડ)

**હસ્તે અ.સૌ. જયશ્રી મહેન્દ્ર પાસડ, વિરલ - પ્રણય મહેન્દ્ર પાસડ**

**અ.સૌ. પ્રિતી પ્રફૂલ્લ પાસડ, પ્રિયાંક - શ્રેયા પ્રફૂલ્લ પાસડ**

: લી. :

**શ્રી ચેતન ખેરાજ દેઢીયા • શ્રી મનોજ મુલચંદ શાહ (માનદ્ મંત્રી)**

**શ્રી ભરત મુલજી મૈશેરી • શ્રી દેવેન્દ્ર વિસનજી ગાલા (કન્વીનર)**

# પાસે છીએ, સાથે નથી

- ગિરીશ મકવાણા

**સ્કૂટરની બેકસીટથી ડોકાઈ જાય તે,**
**ખાલીપો ફ્રંટ-ગ્લાસથી ફીલિંગ થઈ શકે.**

રિયર મિરરમાં દેખાતી તસવીર બેડરૂમના અરીસા જેટલી સ્પષ્ટ ન હોય, છતાં આંખો એને પારખતાં શીખી જાય છે. પ્રિયજન દૂર હોય ત્યારે સર્જાતો વિયોગ, પ્રિયજન પાસે હોય ત્યારે ખાલીપામાં પરિણમે તો સમજવું કે સૂર તુટી રહ્યો છે. કંઈક એવું બની રહ્યું છે કે બે જણ પાસે છે, છતાં સાથે નથી. વાત વિવાદ સુધી પહોંચી ગઈ હોય.

સામાજિક પ્રસંગોમાં ઉપસ્થિત રહેવું પડે એટલે સાથે જાય. મેડી પણ ઝઘડાઓથી કંટાળીને કણસતી રહે. બે જણ વચ્ચે સર્જાતો ખાલીપો એક લકીરની જેમ હૈયા ઉપર દોરાઈ જાય. સ્પર્શ ભીંસ બની જાય અને વાત ઝઘડો. પતિ-પત્ની વચ્ચે પડતી અંટસ ક્યારે અબોલામાં પલટાઈ જાય એની ખબર પડતી નથી. કામ પૂરતી વાત થતી રહે એ પણ મહદંશે મૌનથી. સંબંધ સજાવવાને બદલે નિભાવવાની ભૂમિકા પર આવી જાય. લગ્નનાં થોડાં વરસો સુધી વર્તાયેલું આકર્ષણ અકળામણ બની જાય. પસંદગીનાં લગ્ન જાણે પરાણે કરાવ્યાં હોય એવો માહોલ ઉત્પન્ન થાય.

પત્નીને એમ થાય કે મેં બધું જ અર્પણ કરી દીધું તોય મારી કદર નથી. વાંક કેમ હંમેશાં મારો જ નીકળે ? પાનેતરમાં જે પંખી પરોવીને આવી હતી એના ટહુકા હવે હું ક્યાં શોધું ? અપેક્ષા અજવાળાની હતી ને હાથ અંધારાં આવ્યાં. આશા ફૂલની હતી ને હથેળીમાં કાંટા ભોંકાયા. ઝંખના ઉત્સવની કરી ને હાથ લાગી ઉદાસી. લગ્ન પતિ સાથે કર્યાં છે કે પડછાયા સાથે એની દ્વિધા એને કોરતી રહે.

પતિને એમ હોય કે મારે કેટલા બધાને સાચવવાના ? માતાપિતાના માનને પણ સાચવવાનું અને પત્નીના સન્માનને પણ સાચવવાનું. સંતુલન પણ મારે જ કરવાનું. ઑફિસની સમસ્યાઓ તો લટકામાં. ચૂપ રહીને ખૂલવાની કળા રોજ અજમાવવી પડે. ચહેરા પર પ્લાસ્ટિકનું સ્મિત ચિપકાવી ઘરમાં પ્રવેશવું પડે. અંદરનો ઉમળકો એનેસ્થેસિયા લઈને બેહોશ પડ્યો રહે. સંબંધ ગૌરવનો હતો એની બદલે ગણતરીનો બની ગયો.

આકર્ષણ ઓસરે, સમજણ કાચી પડે, જીદ બળકટ બને ત્યારે બે જિંદગી દાવ પર મુકાતી હોય છે. વાહલપનો સંબંધ ભાગે આવેલી કે માથે પડેલી જવાબદારી બની જાય. લગાવ અભાવનું રૂપ લઈ લે. સંઘર્ષ ટાળવા ખપ પૂરતું બોલવાની વૃત્તિ વમળ બનતી જાય. વમળમાંથી બહાર નીકળવાના પ્રયાસો પહેલા કોણ કરે એની કશમકશ ચાલતી રહે. નાનકડા અંગારાઓએ આગનું સ્વરૂપ લઈ લીધું હોય. જે આંખોમાં અનિમેષ જોયું હોય એ આંખો મેળવવામાં પણ મજબૂરી લાગે. સંતાનો થઈ ગયાં હોય એટલે અળગાં થવાના ઑપ્શન ઉપર ચોકડી મારવી પડે.

ઘરમાં બે જણ વચ્ચે એક અદશ્ય દીવાલ રચાતી જાય. એક સમયે ઊડાઊડ કરતાં પતંગિયાં શબ બનીને આ દીવાલે ચોંટી જાય. જોડવામાં જેટલા પ્રયાસો કરવા પડે એટલા તોડવામાં નથી કરવા પડતા. એક-બે પ્રસંગો આખી બાજી બગાડી શકે. બે ડગલાં પાસે હોવા છતાં જાણે જોજનો દૂર હોય એવું સાહચર્ય પરાણે ઘસડાતું રહે. એકલતા કદાચ જીરવી જવાય, પણ સાથે હોઈએ છતાંય એકલા હોઈએ એવી પરિસ્થિતિ કરપીણ છે. કોઈ તલવાર નથી, કોઈ ચાકુ નથી તોય ઘાવ પડતા જાય. આ ઘાવમાંથી નીકળતું લોહી દેખાતું પણ નથી.

એકબીજાને સમર્પિત ન થઈ શકતાં પતિ-પત્નીનો બ્લડ ટેસ્ટ કરાવીએ તો બંનેમાં જીદનું પ્રમાણ વધારે માત્રામાં જોવા મળશે. રોષના રક્તકણોની સામે સમાધાનના શ્વેતકણો ઓછા હશે. હેતનું હિમોગ્લોબિન ઓછું થઈ ગયું હશે. જિંદગીને ઉઝરડા પાડતા સંબંધને એક નિષ્કર્ષ આપવો છે.

* * *

*બે જણા વચ્ચે ફરી અંટસ પડી છે, બે જણાને જીદ પોતાની નડી છે.*
*સાવ નાની વાતમાં તોડી સંબંધો, પ્રીત પાછળથી બિચારી બહુ રડી છે.*
*- હિતેન આનંદપરા*

# મારા જીવનનો રૂડો ઉજાસ.... રોશની

- ડૉ. પ્રદીપ ગાડગે (એમ.ડી., ડાયાબિટિશ નિષ્ણાત)

તમે તમારી આસપાસ રહેતાં ડૉક્ટરોની દિનચર્યા ચોક્કસ જોઈ હશે. ગમે ત્યારે દરદીને તપાસવા જવું પડે. દવાખાનામાં દરદીઓની ભીડ ખતમ ન થાય ત્યાં સુધીનાં કામનાં કલાકો, પારિવારિક કે કૌટુંબિક મેળાવડાઓમાં ન પહોંચી શકવાની લાચારી... પણ આ બધું એક સામાન્ય માણસ ન સમજી શકે. એક ડૉક્ટર જ બીજા ડૉક્ટરની લાગણીઓ, ફરજો બરાબર સમજી શકે. માટે જ જ્યારે મારા માટે મારી જીવનસંગિની પસંદ કરવાનો સમય આવ્યો, ત્યારે મેં મક્કમપણ મારો નિર્ણય જાહેર કર્યો કે, હું એક ડૉક્ટરને જ મારી જીવનસંગિની બનાવીશ.

મારો જન્મ અને ઉછેર એક મહારાષ્ટ્રીય પરિવારમાં મુંબઈમાં થયો છે. અમે મલાડમાં આવેલા 'કુરાર વિલેજ'માં રહેતાં. મેં મારું મેડિકલનું ભણતર પુરું કર્યું અને મધુ-મેહ એટલે કે ડાયાબિટીશ ચિકિત્સક બન્યો. મારું પહેલું દવાખાનું મેં કુરાર વિલેજમાં શરૂ કર્યું. નાના પાયેથી શરૂઆત કરી. ધીરે ધીરે મારી નામના થવા માંડી અને મને લીલાવતી હૉસ્પિટલમાં સેવાનો મોકો મળ્યો. કુરાર વિલેજનું દવાખાનું આજે પણ કાર્યરત છે. આ દવાખાનામાં અમે રાહતના દરે મધુ-મેહના દર્દીઓને તપાસીએ છીએ. મારી માટે પૈસા કરતાં પણ સમય કિમતી છે. હું હંમેશાં બધાં ક્ષેત્રે, પૂરતા સમય સાથે ન્યાય આપી શકું તેની જ વેતરણમાં હોઉં.

અમારાં સમાજમાં ઘણાં 'વર-વધૂ-સૂચક' મેળાવડાઓ થતાં હોય છે. મારી લગ્નની ઉંમર થતાં, વડીલો મને આવાં મેળાવડાઓમાં જવાની ફરજ પાડતાં. વડીલોના માન ખાતર મારે જવુંયે પડતું. પણ, ત્યાં મારી પસંદગી મુજબની છોકરી ન મળતાં, મને સમયનો વેડફાટ થવાની લાગણી થતી. આવા જ એક મેળાવડામાં હું મારા માતા-પિતા સાથે નાગપુર ગયેલો. ત્યાં ઘણી ડૉક્ટર ને એન્જિનિયર છોકરીઓ પણ મને પસંદ ન પડી. આ મેળાવડાના જે સંચાલક હતા, તેમણે મારી પાસેથી મારી બધી વિગતો મેળવી લીધી. મેં એમને મારો મોબાઈલ નંબર પણ આપ્યો. અમે હોટલ પાછા ફર્યા.

રૂમમાં આવીને હું સુઈ ગયો. મારા માટે સમયનો આનાથી સારો કોઈ સદ્‌ઉપયોગ ન હતો. એવામાં મારા મોબાઈલ પર ઉપરાછાપરી કોઈકના ફોન આવી રહ્યા હતા. હું ઊંઘમાં હોવાથી ફોન વાગ્યા જ કર્યો, છેવટે મારી ઊંઘ ઊડી અને મેં ફોન ઉપાડ્યો. સામે છેડે મેળાવડાના સંચાલકભાઈ હતા. તેમણે મને કહ્યું કે મારી પસંદગી મુજબની ડૉક્ટર કન્યા એમના ધ્યાનમાં છે અને જો મારે તેને મળવું હોય તો દસ મિનિટમાં હોટલમાં જ નીચે આવું અને મળું.

હું મારા માતા-પિતા સાથે નીચે ઉતર્યો. જોયું તો સંચાલકભાઈ સાથે એક છોકરી અને બીજા થોડા પરિવારજનો ઊભાં હતાં. તેઓ બધી જ તૈયારી સાથે આવેલાં. અમારી ઔપચારિક મુલાકાત થઈ ત્યારે મને ખબર પડી કે તે છોકરી તો સંચાલકભાઈની પોતાની જ પુત્રી હતી. તે છોકરી એટલે મારી જીવનસંગિની 'રોશની' અને તે સંચાલકભાઈ આજે મારા સસરા છે.

ત્યારે રોશનીએ MBBSનું ભણતર પૂરું કર્યું હતું અને આગળ પોસ્ટ ગ્રેજ્યુએશન, સ્પેશ્યલાયઝેશન

*કદી ચિંતા કરી લઉં છું ચિંતન કરી લઉં છું, જીવનમાં એમ જીવનનું હું સંશોધન કરી લઉં છું.*
*વિચારોમાં મથું છું ને મથી મંથન કરી લઉં છું, વિસર્જન થાય ભ્રમણા તો ફરી સર્જન કરી લઉં છું.*

કોર્સ કરવા માટે વિચારી રહી હતી. મને રોશની ગમી ગઈ અને પહેલી મુલાકાતમાં જ અમારું સગપણ નક્કી થઈ ગયું.

અમારા 'સાખરપૂડા' સગાઈ પછી તરત જ રોશનીએ આગળના ભણતર માટે લીલાવતી હૉસ્પિટલમાં જ પ્રવેશ મેળવી લીધો. મારે પણ લીલાવતી હૉસ્પિટલ લગભગ રોજ જ જવાનું થતું. આમ અમારી મુલાકાતો વધવા લાગી. જોતજોતામાં એક વર્ષ થઈ ગયું અને ૧૦મી ડિસેમ્બર ૨૦૦૯માં અમારા લગ્ન થયા.

રોશનીનું ભણતર પણ પુરૂં થઈ ગયું અને તેને હોલીસ્પિરિટ હૉસ્પિટલમાં તબીબી ફરજ બજાવવાનું કામ પણ મળી ગયું.

ઘર, પરિવાર, ફરજો માટે અને ખાસ તો મારા માટે તે વ્યવસ્થિત સમય ફાળવતી. આમ અમારો સંસાર ખૂબ જ સરસ ચાલવા માંડ્યો. આજે અમને સાડા ત્રણ વર્ષનો પુત્ર પણ છે. મેં મારી કારકિર્દીની શરૂઆત લગભગ સાડા આઠ વર્ષ પહેલાં કરી. તેમાંના લગભગ સાડા સાત વર્ષ તો હું વર્ષના ૩૬૫ દિવસ મારા કામમાં જ ગળાડૂબ રહ્યો છું. રોશની મારી સાથે છેલ્લાં છ વર્ષથી મારી હમસફર બનીને રહી છે. તે ઘણી સમજુ છે. તેને મારામાં પૂરો વિશ્વાસ છે. આ તેનો જ વિશ્વાસ હતો કે હું મુંબઈનો એક શ્રેષ્ઠ ડાયાબિટીસ નિષ્ણાત બનીશ.

રોશનીએ મારા માટે ઘણો ભોગ આપ્યો છે. તેને માટે શૉપિંગ, મોજમસ્તી કરવી ગૌણ બાબત છે. રવિવારના દિવસે બધાં જ રજાનાં મૂડમાં હોય, પણ હું અને રોશની તો અમારા કુરાર વિલેજના દવાખાને હોઈએ. છેલ્લા ૧૦ મહિનાથી હું વિદેશના પ્રોજેક્ટમાં કાર્યરત હોવાથી મને રવિવારે પણ સમય ન મળે એટલે મારા બદલે રોશની દવાખાનું સંભાળે. હું મારા કામમાં એટલો વ્યસ્ત હોઉં કે તેનો જન્મદિવસ, અમારી લગ્નતિથિ પણ ભૂલી જાઉં છું. તો પણ તે ફરિયાદ ન કરે. મને મારી લાગણીઓ પ્રદર્શિત કરતા નથી આવડતી. ટૂંકમાં હું જરા પણ રસિક નથી. તેને કોઈ ભેટ આપવી, તેના માટે કોઈ ગાયન ગાવું કે પત્ર લખતાં મને નથી આવડતું. વર્કોહોલિક હોવાને કારણે મને ફક્ત મારા કામમાં જ રચ્યાપચ્યા રહેવાનો નશો છે. મેં એને અત્યાર સુધીમાં ફક્ત એક જ વાર ભેટ આપી છે. 'વેલેન્ટાઇન ડે' ને દિવસે મેં તેને એક મોતીની માળા અને સારા મજાના ગીતોની રેકોર્ડ (CD) ભેટમાં આપી હતી.

હું ઘણાં અખબારોમાં આરોગ્યને લગતા લેખો લખું છું. આ કામમાં પણ મને તેનો પૂરો સહકાર મળે છે. કોઈ નોટ્સ મેળવવાની હોય કે કોઈ અગત્યના મુદ્દાઓ આવરી લેવાના હોય, તે બધી જ પૂર્વતૈયારી કરી રાખે. અને ક્યારેક તો મારા OPDમાં આવીને દર્દીઓને તપાસવા માંડે અને આમ મારો ભાર પણ ઓછો કરે.

તેનું મારા પરિવારજનો સાથે પણ સારૂં બને છે. હવે તેની પ્રાથમિકતા મારા પરથી પુત્ર પર આવી ગઈ છે. મારાં પરિવારમાં મારાં માતા-પિતા, હું, રોશની અને અમારો પુત્ર. તે એક મિત્ર, પત્ની, વહુ અને માતાની બધી જ ફરજો બેજોડ રીતે નિભાવે છે. હું એક મીઠી પંક્તિ દ્વારા મારા લેખને વિરામ આપવા માંગું છું:

*એટલું ગળપણ રહે આ સ્નેહમાં*
*કે ક્યાંય ખાટો થાય નહીં સંબંધ આ*
*હું તને ચાહું ને તું ચાહે મને*
*એ રીતે જીવન રહે અકબંધ આ....*

* * *

*યદી મેં સાર શોધ્યો શૂન્યનો, તો શૂન્ય થઈ બેઠો, હવે એ શૂન્યમાંથી શૂન્યનું સર્જન કરી લઉં છું.*
*કદી ઠોકર જો વાગે છે, તો એ પથ્થર ઉપાડીને, બનાવી લઉં છું પ્રેમની, પૂજન કરી લઉં છું.*
*- 'શયદા'*

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જૂનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી મધુરીબેન દેવજી સોની** (PS 7304) | જૈન મંદિરની બાજુમાં, લઠેડી, ડૂમરા - ૩૭૦ ૪૯૦, ગુજરાત |
| **શ્રીમતી હંસા મધુકાંત દંડ** (PS 7303) | એચ-૫૦૪, ૫મે માળે, શ્રીનાથપુરમ, પીવીઆર દીપ મલ્ટીપ્લેક્સની પાછળ, જુના છાની રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત મો.: ૯૪૦૯૫ ૨૨૭૦૧ |
| **ભાવેશ વિસનજી દંડ** (PS 442) | ૨૦૧, સુંદર ટાવર, બીજે માળે, પ્લોટ ૧બી/૧૬૮, ટોકરસી જીવરાજ રોડ, સ્વાન મિલ પાસે, શીવડી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૫. મો.: ૯૨૨૦૯ ૫૦૯૬૭, ૭૨૦૮૫ ૦૦૩૩૦ |
| **રતીલાલ દેવજી મોમાયા** (PS 832) | ૫૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **શ્રીમતી કાંતા સોમચંદ લોડાયા** (PS 829) | ૩૦૪, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૩૨૦૪ ૯૭૪૭૭, ૯૩૨૪૪ ૦૨૬૮૪ |
| **શ્રીમતી વેલબાઈ ટોકરશી લાલકા** (PS 874) | ૩૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૩૨૦૦ ૯૨૧૯૨ |
| **લક્ષ્મીચંદ ભવાનજી મૈશેરી** (PS 1960) | ૪૦૨, સમૃદ્ધિ (જલારામ જ્યોત), વિજયા બેંકની પાછળ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૬૧૯૫ ૯૨૨૮૬, ૯૩૨૨૨ ૬૮૨૮૬ |
| **શ્રીમતી નવલબેન ચંદુલાલ વોરા** (PS 628) | એ/૫૦૪, માનવ મંદિર, ૧૭મો સિદ્ધાર્થ નગર રોડ, એમ. જી. રોડ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૪. મો.: ૯૮૧૯૭ ૨૫૦૯૫ |
| **અતુલ ચીમનલાલ મોતા** (PS 3344) | ૩૦૩, શિવાનંદ સુંદરમ કો.હા.સો., જીજાઈ નગર, ગોગ્રાસવાડી, નામદેવ પેઠ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૬૧૯૨ ૮૨૦૯૬, ૯૫૯૪૮ ૧૨૮૩૦ |
| **શ્રીમતી પુષ્પા પુનશી લોડાયા** (PS 7305) | જુના બસ સ્ટેન્ડની સામે, ટાઉનહૉલ પાસે, જિ. યવતમલ, દીગ્રસ - ૪૪૫ ૨૦૩. મો.: ૯૦૪૯૮ ૫૪૫૫૪, ૦૭૨૩૪-૨૨૨૨૮૬ |
| **ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા** (PS 5414) | ઈ-૫૦૧, વસાવી ટાવર, સ્પેન્સર્સ મૉલની સામે, એન.એ.ડી. કોઠા રોડ, વિશાખાપટનમ - ૫૩૦ ૦૦૯, એપી. મો.: ૯૮૮૫૧ ૦૧૫૬૯ |

## દિવસ રળિયામણો લાગશે.....

**- લૂઈ કને (અંગ્રેજી કવિ)**

સ્વસ્થ, સ્નેહભર્યા અને ઉલ્લાસભર્યા મનથી
હું આ દિવસને જોઉં
જાણે કે, મારો નાનકો ભાઈ હોય!
જેની રક્ષા કરવાનું
અને જેના વ્યક્તિત્વને આકાર આપવાનું
મારા હાથમાં છે!
મારા વિચાર શુદ્ધ રહે અને મારી આશાઓ
ઉદાત્ત;
મારી ભાવનાઓમાં વિષમતા ન પ્રવેશે;
અંતરમાંથી પ્રકટે મારી વાણી
આવકાર આપવા માટે મારા હાથ ઉત્સુક હોય
અને અસત્યનો સામનો કરવા માટે બાવડાં
બળવાન!

જેમ
પ્રત્યેક બિડાયેલી કળીમાં
વસંત છુપાઈ હોય છે,
એમ.....
પ્રત્યેક મનુષ્યના આત્મામાં
જીવનના પૂર્ણ સૌન્દર્યનું રહસ્ય છુપાયું છે!
અશુભ કાર્ય કે અમંગલ વિચારમાં
એક પળને વિતાવવાનો અર્થ એટલો જ
કે હૃદયમાં વસેલા સમૃદ્ધ વૈભવોનો નાશ...
સારોય દિવસ હું જાગ્રત રહું
જેથી મારું જીવન એટલું સરળ વહે...
.... જાણે કોઈ
ભોળી કન્યાનો નિર્દોષ ઉલ્લાસ!

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### અમરાવતીમાં સમાચાર

શ્રીમતી ધનલક્ષ્મીબેન નાગડા (નલીયા - અમરાવતી) પાલીતાણાથી ૯૯ નવાણું ફરી ઘરે સકુશલ આવી ગયા હતા તેની અનુમોદના કરવા સાંજી રાખવામાં આવી હતી.

કચ્છી સમાજના અગ્રણી અ.સૌ. કસ્તુરબેન કાંતિલાલ ગાલા લગ્ન જીવનના ૫૩મી પુરા કર્યા. સંઘે બહુમાન કરેલ.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગાવ - શેગાંવ

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગાવ - શેગાંવના અધ્યક્ષ સૌ. કુંજનબેન લોડાયાની ઉપસ્થિતિમાં માર્ચ મહિનાની મીટીંગ મહિલા દીન નિમિત્તે ઉજવણી રૂપે ''વડીલોને વંદનના રૂપે લેવામાં આવી જેમાં ગામના દરેક વડીલ ૧૧ મહિલાઓને સન્માન કરવામાં આવ્યું.

દરેક વહુઓ એ પોતાના સાસુ વિશે પોતાનો અભિપ્રાય જણાવ્યા. એમણે કરેલા સંઘર્ષ દ્વારા કેમ ઘર ચલાવ્યું એવી દરેક નારી શક્તિને વંદન કરવામાં આવ્યું.

મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના પ્રમુખ શ્રીમતી હીરાબેન લોડાયા અને શાંતિનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ. માલતીબેન નાગડાએ પોતાનો મનોગત વ્યક્ત કરી માર્ગદર્શન આપ્યું. આભાર પ્રદર્શન સૌ. અશ્વિની વિકમસીએ કર્યો.

### વડાલા સમાચાર

શ્રી સંઘના આંગણે તા. ૦૧-૦૫-૨૦૧૭ થી બ્યાસણેં બીજા વર્ષિતપના પારણાં કરાવવામાં આવશે. વર્ષિતપ માટે સમગ્ર મુંબઈના ઇચ્છુક તપસ્વીઓએ કાર્યાલયમાંથી સવારના ૯ થી ૧ દરમ્યાન ફોર્મ મેળવી ભરવા. વધુ વિગત માટે શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી - 09769111034 અને શ્રી અશોક સોમચંદ દંડ - 09821144324

### માંડવી અજીતનાથજી જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ

કચ્છનાં માંડવી શહેરનાં બંદર રોડ મધ્યે આવેલ શ્રી અજિતનાથજી જૈન જિનાલયની વર્ષગાંઠની ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સત્તરભેદી પૂજા બાદ દેરાસરના ઉંચા શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

ધ્વજાથાળનાં ચડાવાનો લાભ શિલ્પાબેન શાંતિલાલ માંડવી, મુળનાયકની ધ્વજાનો લાભ નવિનચંદ્ર ખીમજી મોરબીયા, આદેશ્વર દાદાની ધ્વજાનો પૂર્ણિમાબેન વૃજલાલ સંઘવી, શાંતિનાથજી ધ્વજાનો માતુશ્રી હીરાબાઈ પુનશી મૈશેરી, યક્ષ-યક્ષિણી દેવીની ધ્વજાનો નાંડુબેન રવિલાલ, આરતીનો લાભ પુનશીં માણેકજી મૈશરી, મંગળ દીવાનો યશવંતભાઈ ધનજી શાહ તથા શાંતિકળશ દામજી ધમરશી કોઠારા-કચ્છ પરિવાર દ્વારા બપોરનું સ્વામિવાત્સલ્ય જમણ યોજાયું હતું. સમસ્ત જૈન સમાજનાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા ભદ્રીકભાઈ મૈશેરી, વિનય મૈશેરી, તિલક ડાઘા તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.

### કલકતા સમાચાર

શ્રી કચ્છી જૈન મહિલા મંડળમાં તા. ૭-૧-૨૦૧૭ શ્રીમતી હેમલતાબેન પદમશીભાઈ તરફથી સ્નાત્રપૂજા ભણાવવામાં આવેલ. મંડળને રૂા. ૨૫૧ ભેટ મળેલ છે.

તા. ૮-૧-૨૦૧૭ ના રોજ સંઘ તરફથી પિકનીકનું આયોજન કરવામાં આવેલ. બે બસો દ્વારા જૂટ મીલમાં આયોજન કરવામાં આવેલ. બધાએ ખૂબ આનંદથી ગેમ્સ રમ્યા તેમજ નાસ્તા-લંચનું સ્વાદ માણેલ. સાંજના કચ્છી ભુવનમાં નાસ્તો રાખેલ.

કીટીપાર્ટીની બહેનો તરફથી ઇકો પાર્ક પિકનિકનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ જયશ્રીબેન ખોના તરફથી હિંદુસ્તાન ક્લબમાં કીટીપાર્ટીનું આયોજન કરવામાં આવેલ હોળી નિમીત્તે કલરફૂલ ડ્રેસમાં મીતાબેન લાલકા, કિર્તીબેન શાહને પ્રાઈઝ મળેલ. દીના દેઢીયાને પ્રાઈઝ મળેલ. બીજી ગેમ્સ - મંજરી વીરા, હીના દેઢીયાને પ્રાઈઝ મળેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## ઈન્ટીરિયર કામકાજ માટે

**ઘર, ઓફિસ તેમજ ઈન્ડસ્ટ્રીમાં તમામ પ્રકારનાં સિવીલ કામકાજ જેવા કે કિચન પ્લેટફોર્મ, પ્લમ્બીંગ વર્કસ, એલ્યુમિનિયમ વિન્ડો, ટાઈલીંગ વર્કસ, ઈલેક્ટ્રિક કામકાજ, પેઈન્ટીંગ તેમજ સ્પેશિયાલિટી કેમિકલ્સથી ટાઈલ્સ બેસાડવી (જૂની મોઝેક ટાઈલ્સ તોડ્યા વગર ઓછા ખર્ચમાં) ૨૦ વર્ષથી વધુનો સિવીલ એન્જીનિયરીંગનો અનુભવ ધરાવનાર, વ્યાજબી ભાવમાં અને સારી ક્વોલિટીના કામ માટે સંપર્ક :**

**નીલેશ ખોના - 093222 89690 / 087798 69387**


તા. ૧૭-૩-૨૦૧૭ ના રોજ હીના શાહના ઘરે કીર્ટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. બે ગેમ્સ તેમજ હાઊઝી રમાડેલ. (૧) સ્મિતા શાહ (૨) જયોતિ બેન, (૧) કિર્તી શાહ (૨) નયના બુરીચાને પ્રાઈઝ મળે.

તા. ૨૯-૩-૨૦૧૭ના રોજ ભારતીબેન લાલકાના ઘરે શ્રી શંખેશ્વર તીર્થની ભાવયાત્રાનું આયોજન કરેલ. વિધિ ખુશાલ લાલકાની સગાઈ નિમિત્તે હરખ પાર્ટી રાખેલ. મંડળની બહેનોએ લગ્નગીતની રમઝટ ઝમાવેલ. ભારતીબેન તરફથી મંડળને ૫૦૧ ભેટ આપવામાં આવેલ. શ્રી શત્રુંજય તીર્થની ફ્રેમ મંડળને ભેટ આપેલ.

### ભુજ-કચ્છમાં મહાકાળી ભાવના

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના એકમ-ભવન ભુજ મધ્યે યોજાઇ હતી. શ્રી જયાબેન મુનવર, ગીતાબેન લોડાયા, લલીત ડાઘા, હેમંત છેડા, હેમંત મોમાયાએ રમઝટ જમાવી હતી. પ્રબોધ મુનવર, ખુશાલ લોડાયા તથા હીરાચંદ છેડાએ વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો. સૌ સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મોટી સિંધોડી - ધ્વજા મહોત્સવ ૨૦૧૭

અઢાર અભિષેક ગુરૂવાર, તા. ૨૭-૦૪-૨૦૧૭ અને ધ્વજા રોહણ શુક્રવાર, તા. ૨૮-૦૪-૨૦૧૭, સવારના ૮.૩૦ થી બપોરે ૧.૦૦ કલાકે. સાધર્મિક ભક્તિના લાભાર્થી થવા માટે નમ્ર અપીલ નકરા વહેલો તે પહેલાનાં ધોરણે શ્રી હરીશભાઈ મોમાયા મો. 98202 85781 પર લખાવવા વિનંતી.

### સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની સભામાં આગલા નિર્ણયોના અમલની રૂપરેખા નક્કી થઈ. લીડરશીપ સમીટની તા. ૧૭-૧૮ જૂન નક્કી થઈ.

સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની રવિવાર, તા. ૨૬-૦૩-૨૦૧૭ની સભામાં મેડીક્લેમ, ડેઈલી ઇ પેપર, પખવાડિક મુખપત્ર, લોનાવાલા ખાતે લીડરશીપ સમીટ, સમેલનનું આયોજન, પાંચ એકમો અને મુંબઈ મહાજનને એક મંચ પર લાવતા રાષ્ટ્રસ્તરીય યુવા અને મહિલા મિલન, સંસ્થાના દસ્તાવેજો નિયમીત કરવા, આદિ આગલી સભામાં થયેલા નિર્ણયો બાબત પ્રગતિની સમીક્ષા કરી તે અંગે આગળ શું કરવું તે અંગે રણનીતિ નક્કી કરી પદાધિકારીઓને નિર્દેશો અપાયા હતા.

ઉનાળાની રજાઓ ધાર્મિક અનુષ્ઠાનની તારીખો આદિને ધ્યાનમાં લઈ લીડરશીપ સમીટની તારીખો બદલીને શનિવાર, તા. ૧૭ અને રવિવાર, તા. ૧૮ મી જૂન કરવામાં આવી.

આ ઉપરાંત બંધારણ સમિતીમાંના બે પ્રવાહો વર્તમાન બંધારણમાં સુધારા વધારા કરવા કે તેને નવેસરથી બનાવવું તે અંગે વિચારણા કરીને બંધારણ સમિતીને વર્તમાન બંધારણ માંજ સુધારા વધારા કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### સમસ્ત મહાજન દ્વારા અકસ્માત વીમાનો ચેક

શ્રેષ્ઠીશ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા, રવા - ચેમ્બુર પરિવાર, સમસ્ત જ્ઞાતિ આકસ્મિક વિમા યોજના અંતર્ગત કચ્છ સાંયરાના હુબલી નિવાસી શ્રી ગૌતમભાઈ રમેશ લાપસીયાના આકસ્મિક અવશાન બાદ રૂા. ૨,૫૦,૦૦૦ નો ચેક એમના પરિવારને મોતા પરિવારની અંબાઈ માની પહેડી દરમ્યાન તા. ૨૮-૩-૨૦૧૭ ના એ શ્રી નારાયણજી શામજીની વાડીમાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઈ મોતા તથા સેક્રેટરી જનરલ ચીમન મોતાના હસ્તે અર્પણ કરાયો હતો.

---

**ભૂલ સુધાર :** પ્રકાશ સમીક્ષામાં અંક ૧૩મા સમાચાર સંકલનમાં **શ્રી ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના**ના સમાચારમાં વરસ ૨૦૧૬-૧૭ દરમ્યાન નવા સભ્યો ૧૬૦ ને બદલે **૭૬૦ વાંચવુ** તથા **અકસ્માત દુર્ઘટનાનું વધારાનું કવર** રૂા. ૧૫૦૦૦/-ને બદલે **રૂા. ૭૫૦૦૦/-** વાંચવું.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


ટીવી સીરીયલ સાવધાન ઈન્ડીયામાં અભિનયના ઓજસ પાથરનાર વાંકુ - હાલે ભોપાલના વતની શ્રી પ્રતિક ધીરેન્દ્ર મોતાને અભિનંદન સહ ઉજ્જવલ કારકીર્દીની શુભેચ્છાઓ....

- ચિમન મોતા • તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૧૫ | મુલુંડ | નવ્યા, વર્ષા જીનેશ મૈશેરી | જખૌ | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૩-૧૭ | નાંદેડ | પિયુષ સુભાષચંદ્ર લીલાધર લાપસીયા | દલતુંગી | ૨૮ |
| | ડોમ્બીવલી | હેજલ લહેરચંદ પદમશી દંડ | લાલા | ૨૮ |
| ૨૮-૦૩-૧૭ | મુલુંડ | અંકુર તિલકચંદ જયંતિલાલ ખોના | મોટી ખાવડી | ૨૬ |
| | મુલુંડ | ચાર્મી કિર્તીકુમાર વેલજી ધરમશી | સાંધાણ | ૨૩ |
| ૨૮-૦૩-૧૭ | મુલુંડ | નિશાંત સંજય ચીમનલાલ નાગડા | નલીયા | ૨૪ |
| | માટુંગા | ધ્વનિ વિજય રમેશચંદ્ર મૈશેરી | સાંધાણ | ૨૪ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૩-૧૭ | મુલુંડ | ડેનીલ રમણીકભાઈ ભવાનજી ગડા | રાયધણજર | ૨૭ |
| | મુલુંડ | હિમાની નિતીન શરદચંદ્ર લાપસીયા | દલતુંગી | ૨૪ |
| ૨૮-૦૩-૧૭ | મુલુંડ | અંકિત ભરત રતીલાલ મૈશેરી | માંડવી | ૨૯ |
| | મુલુંડ | રિંકીતા જેઠાલાલ ટોકરશી છેડા | શેરડી | ૨૬ |

### સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૭ | લોનાવલા | રવિ મુકેશ જીવરાજ લાલજી મોમાયા | વરાડીયા | ૨૭ |
| | અમદાવાદ | વિરલ બિપીન રતનશી શામજી શિયાલ | સુજાપુર | ૨૪ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૭ | લોકાપુર | ઉમેશ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | - |
| | ગોકાક | સવિતા પાટીલ | - | - |
| ૦૧-૦૨-૧૭ | લોકાપુર | લતિકા લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | - |
| | ગુલબર્ગા | કિરણ બીરાદાર | - | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૩-૧૭ | ઘાટકોપર | તારામતી મણીલાલ પદમશી લોડાયા | સુથરી | ૭૦ |
| ૨૪-૦૩-૧૭ | ભાંડુપ | વનિતા ખેતશી ધનજી નાગડા | નલીયા | ૭૨ |
| ૨૬-૦૩-૧૭ | મુલુંડ | સોનબાઈ શીવજી રતનશી કુરૂવા | ગોધરા | ૮૩ |
| ૨૬-૦૩-૧૭ | અગાશ | રમેશ મેઘજી લોડાયા (શાહ) | સુથરી | ૭૫ |
| ૨૭-૦૩-૧૭ | ફૈજાપૂર | ધર્મેન્દ્ર કેશવજી પોલડીયા | ગોએરસમા | ૫૨ |
| ૨૭-૦૩-૧૭ | મુલુંડ | શાંતિલાલ દામજી ત્રિકમજી મોમાયા | જખૌ | - |
| ૨૮-૦૩-૧૭ | મૈસૂર | ગોવિંદજી પુનશી ધરમશી | સુથરી | ૭૦ |
| ૨૮-૦૩-૧૭ | ઘાટકોપર | હિરાચંદ રતનશી દંડ | લાલા | ૬૯ |
| ૨૯-૦૩-૧૭ | હૈદ્રાબાદ | સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૭૩ |
| ૦૧-૦૪-૧૭ | કલવા | પ્રભાવતી ગુલાબચંદ લોડાયા | નાની ખાવડી | ૭૭ |
| ૦૧-૦૪-૧૭ | ભાંડુપ | ત્રિકમજી ખેતશી મૈશેરી | કુવાપધર | ૭૮ |


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર

ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન

સંપર્ક: શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા

099798 55686

# સ્મૃતિ વંદના



જન્મ :
તા. ૦૭-૦૫-૧૯૫૮

અરિહંત શરણ :
તા. ૦૮-૦૪-૨૦૧૪

## અ.સૌ. સ્વ. મીના ટોકરશી નાગડા (ધુમ)

વહેતી રહે નિરંતર સમયની ધારા,
જીવન એવું જીવ્યા, ભુલ્યા ભુલાય નહીં....
સદા હસતાં ચેહરા રાખી,
અનંત યાત્રાએ આદર્યું પ્રયાણ....
રહેશે નિરંતર તમારી સ્મૃતિ જ્યોત,
અમ હૃદયમાં....

સ્મરણકર્તા

**ગં.સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (ધુમ)**

ગામ : નલિયા, હાલ : ટિટવાલા

**ગં.સ્વ. જમકુબાઈ શિવજી પોલડીયા**

ગામ : બાયઠ, હાલ : બડગરા

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (03-04-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001





## મુંબઈમાં શ્રી ભલારાદાદાની સમૂહ પહેડી યોજાઈ



શ્રી ભલારાદાદાની મુંબઈમાં શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા યોજાતી સમૂહ પહેડી આ વર્ષે બુધવાર તા.૨૯-૩-૨૦૧૭ના મુલુંડ કાલિદાસ ઓપન ગ્રાઉન્ડમાં યતિવર્ય પ.પૂ.મોતીસાગરજીની નિશ્રામાં યોજાઈ હતી. જેમાં ચઢતા ભાવે ૫૫૦૦થી વધુ ભાવિકો સહભાગી થયા હતા.

આ વર્ષે પહેડી મુંબઈમાં યોજાતી ૨૯મી સમુહ પહેડી હતી. જેમાં ગાયક કલાકાર ઉત્તમભાઈ છેડા અને સાથી કલાકારોએ ભજનની ભક્તિ ગીતોની રમઝટ જમાવી હતી.

પહેડી ચઢાવતી વખતે થયેલ મુખ્ય આરતી ઉપરાંત રાત જામે તે વખતે દરવર્ષે યોજાતી દિવડા આરતી એ અનુપમ દૃશ્ય ખડું કર્યું હતું. પ્રસાદની વ્યવસ્થા માટે ધનરાજ કેટરસી ઉમળકાભર્યો સહકાર્ય મળ્યો હતો. વ્યવસ્થા શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ-મુલુંડ, શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ તેમજ ભલારા પુમ મંડળના સ્વયંસેવકોએ સંભાળી હતી.



॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા)

## મુંબઈ મધે સાતમી સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની સાતમી સમુહ પહેડીના લાભાર્થી દાતા **માતુશ્રી ચંદનબાઈ વિશનજી દેવરાજ મોમાયા (પટેલ)** સાંયરા હાલે ઘાટકોપરવાળા પરિવાર દ્વારા મુંબઈ મધે સંવત ૨૦૭૩ ને ચૈત્ર વદ ૫ ને **રવિવાર તા. ૧૬-૦૪-૨૦૧૭**ના રોજ આયોજિત કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| **શુભ સ્થળ : ઘાટકોપર જૉલી જીમખાના,** રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ. | **સમય :** સવારના ૮ કલાકથી | **તારીખ : રવિવાર,** તા.૧૬-૦૪-૨૦૧૭ |

સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો/દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને આ શુભ અવસરે પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ : કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી.**

**સંપર્ક**

**શ્રી હીરાચંદભાઈ મોમાયા - 098703 36826**
**શ્રી દીનેશભાઈ મોમાયા - 081411 49474**
**શ્રી ભદ્રેશભાઈ મોમાયા - 098331 31359**
**શ્રી શ્રેણીકભાઈ મોમાયા - 093237 85320**

**લિ. ભોઈમા જયાબાઈ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,